[illegible]—આ ચોપડી વાંચી મિત્રોમાં ફેલાવ. લેખક તારા અભિપ્રાયની, મળત [illegible]ની, રાહ જુએ છે. જલદી થા. વિચારકર, વાદવિવાદ કર. ક્યાં તો [illegible] કરી પરણાવ. ક્યાંતો તકદીર પર છોડી ઘટાડ, કયાં તો પલ્લાનો ધણી બનાવ. લેખ [illegible] હેતુ જાણવા. તૈયાર છે તૈયાર.

લેખક પ્રકાશક.
[illegible]ભાઈ નવલરામ શાહ.
ખપાટીઆચકલા—સુરત.

સુરત ચઉટાના પુલપર આવેલા "શકર"
પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ
નીકમે છાપ્યું.

[illegible] [illegible]નું બાનું

કે

લગ્નનું પલ્લુ?

આપણા ગુજરેગ કિંવા પૂર્વજો બુદ્ધિવાળા વહેવાર કુશળ ને ચતુર હતા, એની કોઇથી ના પાડી શકાય એમ નથી. તેમણે બાંધેલી પ્રણાલિકા ઉમદા વિચાર ને પરોપકારી વૃત્તિને આભારી છે. તેઓ દીર્ઘદૃષ્ટિવાળા, સ્વતંત્રપણે ધધો કરનારા હતા. કેટલાક નિર્જન હોઇ નોકરી કરનારા હતા. તેઓમાં હાલના જેવી વિદ્યા કે જ્ઞાન નહોતા, પણ કરકસરથી કામ લેનારા નિષ્ઠાના સાચાને પ્રમાણિક હતા.

પલ્લુ એટલે શું ?

પલ્લુ એટલે છોકરાનો વિવાહ અમુક છોકરી સાથે થયાની નિશાનીમાં વરવાળાએ છોકરીવાળાને બાના તરીકે આપવાની રકમ દાગીના વગેરે.

પલ્લાનો રિવાજ શાથી પડયો ?

પલ્લાનો રિવાજ અનાદિકાળથી ચાલ્યો આવે છે. ને તે પુત્ર પુત્રાદિને લાડમાં દાગીનાથી શણગારવા એવા હેતુથી પડયો હોય એમ લાગે છે. પુત્રો કે પ્રપૌત્રોને દાગીના પહેરાવતાં ને પોતે ધારણ કરતા, છોકરીઓને પૂરા પડી શકતા નહિ જેથી બાના તરીકે રકમ લઇ તે રકમ વડે પુત્રીઓને ઢાંકતા.

દાગીનાની જરૂર શા માટે ?

હવે એ સવાલ થશે કે દાગીનાની જરૂર શા માટે પડી? એનું કારણ એવું માલમ પડે છે કે દાગીના અણીની વખતે ઢાલ છે. અગાઉના વખતમાં લેણદેણમાં સાટા વધારે થતાં હતાં. મતલબ કે લોકો પાસે નાણું નહોતું, પણ માલજ હતો. એક વસ્તુને સાટે બીજી વસ્તુઓ મળતી. ફાજલ પુરાંતમાં પણ માલ કે દાગીના ઘણે ભાગે નીકળતા.

દાગીનાનો ઉપયોગ શી રીતે કરતા ?

દાગીનામાંનો અમુક ભાગ રાત દિવસ બચ્ચા છોકરા ને સ્ત્રી પુરુષોના અંગ ઉપર રહેતો બહુધા રૂપાના દાગીના છોકરાઓને પહેરાવવામાં આવતાં. શુભ પ્રસંગોપરજ તેઓ સોનાના દાગીનાના દર્શન કરતા. મરદો નક્કર માલના દાગીના રાત દહાડો [illegible] ગમ સ્ત્રીઓના અંગપર હલકા પાત[illegible] દાગીના [illegible]

...ગાઉના વખતમાં વ્યાજના દરની શી વ્યવસ્થા હતી ?

મગાઉના વખતમાં વ્યાજનો દર ઓછો હતો. વ્યાજવટુનો ધંધો શાહુકારો કે ... ને ... ટીજ કરતા. તેઓને હુંડીઆમણ મળતું. તેથી રૂપીઆના વહિવટ તરીકે હુંડી રીહતા ને વેચતા. જેથી રૂપીઆ ઉપાડી લઇ જવા લાવવા પડતા નહિ જેને લીધે લોભ તા ઓછી તેરીખથી રૂપીઆ જમા રાખતા ને આપતા. આપવા લેવાના વ્યાજના દર ...ની બે આનીનોજ માત્ર ફરક રહેતો. એજ વ્યાપારીઓ સોના રૂપાનો ધંધો પણ કરે ...ના ઉથલા તાકીદે થવાને લીધે ને આડકતરી રીતે આવક થવાને લીધે તેઓ વ્યાજ ... ર વધારતા નહિ ને કહેતા કે "પાવલાવાળો પાલખીએ, અડધાવાળો ઘોડે, અને ટકાવાળો દોડે

પલ્લુ એ હિંદુ જ્ઞાતિઓમાંજ છે !

પલ્લુ એ હિંદુ જ્ઞાતિઓમાંજ છે એવું નથી; પણ મુસલમાન, પારસી, યાહુદી વગેરે કામમાં પણ જુદેજુદે નામે છે.

દાગીના પહેરવાનો રિવાજ હિંદુ કોમમાંજ હતો ?

દાગીના પહેરવાનો રિવાજ અનાદિકાળથી ચાલ્યોજ આવે છે, જંગલી લોકમાં પણ એ રિવાજ હતો એમ માલમ પડે છે. હાલમાં પણ જંગલી લોકો દરીઆઇ દાગીના ને પિત્તળનાં ...ના પહેરે છે તે પરથી જણાઇ આવે છે.

પલ્લુ એ અશુભ વિચારથી યોજાયું?

પલ્લુ એ શુભ વિચારથી યોજાયું છે. કારણ કે તે વખતમાં યુવાન વયે મરણનું પ્રમાણ ઘણું જુજ હતું. બાપ પહેલાં દીકરો ભાગ્યેજ જતો. એટલે છોકરી રાંડવાની ફિકર તો કયાંથીજ હોય ? તો પછી છોકરીને વિધવા થયે ખાવા માટે જોઇશું એવો પણ વિચાર કયાંથી થાય ? તે કાળે પલ્લુ પણ ઓછું હતું. એટલે વ્યાજની રકમ પણ ઓછીજ ગણે એવું હતું, કે જેમાંથી છોકરીને વૈધવ્યપણું પ્રાપ્ત થતાં તેનું ઉદરપોષણ પણ ચાલે નહિ એવું હતું. આ સમયમાં વ્યાજના દર ઓછા હતા. જેથી શાહુકારને ત્યાંથી નાણા ઉપાડવાને હરકત પણ નહોતી, તો પલ્લાનો ઉપયોગ છોકરીનો બાપ કયાંથી કરે? ને શેમાં કરે ? પલ્લાના ઘાના રૂપ દાગીના હરદમ છોકરીના આંગપર રહેતા, તેથી તે મકી ઉથલો પણ શી રીતે કરી શકે ? કદાચ ધારો કે પલ્લાનો ઉપયોગ વર કે વરનો બાપ કરે, તો પછી એક કે બે છોકરાનો બાપ થયે પલ્લુ તેને સ્વાધિન કરવું એવો રાવાગ કયાંથી ચાલ્યો આવે ?

પૂર્વજોનો ઉદ્દેશ પલ્લુ ઠરાવી ઘર ધણિઆણી તરીકેનો હક ઠ્રઆવવાનો હતો? જ્યારે પલ્લું ઓછું હતું ત્યારે વ્યાજ પણ ઓછું ઉપજતું. ત્યારે ઘર ધણિઆણી તરીકેનો હક ઠ્રઆવવાનો ઉદ્દેશ પૂર્વજોનો હોય તો વિધવા પોતાનું વૈધવ્યપણું પ્રાપ્ત થતા પોતાની પ્રજાનું કે પોતાનું ભરણપોષણ શી રીતે કરતી ? તે સમયમાં સુખે કે દુઃખે વિધવા પોતાના સાસરીયામાંજ રહેતી, ને વિધવાના મા બાપો ખોટા લાડમા પોતાની પુત્રીને તેના છોકરા છૈયા સાથે પોતાને ઘેર બોલાવી લેતા નહિ પણ એ બિચારી પોતાના ઘરનું સ્વરાજ ભોગવવા લાયક યોગ્ય ઉમરે થાય તે સારૂ તેને તેના સાસરીયામાંજ તાલીમ લેવા દીધી. જેથી એ બિચારી વિધવા મેણાં ટોણાં સાંભળીને પણ સાંસારિક કે વ્યવહારિક શિક્ષણ વગર વાંચવે ને વગર લખવે મેળવી લેતી ને હૈયામાં દબાવી બેસતી. જેથી તેની પ્રજાને ઉદરનિર્વાહનું સાધન મેળવી ...ને ... થતી.

... કષ્ટો સાહન કરવા પડતા ?

...ય તો તે થઇ શકતું નહિ. તેમ મોઢેથી પણ કહી શકાતું નહિ. વડીલોની મરજી, મુજબ જ જે કરે તે કબુલવું પડતું. સ્વચ્છંદીપણાનું તો નામજ નહોતું. વડીલોના હુકમ ...વાય ઘરમાંથી બહાર જવાતું નહિ. તેમ બીજા સાથે બોલાતું પણ નહિ. ઘરનું તમામ કામ ...જ તે વિધવાને કરવું પડતું; પણ તે વિધવા કામકાજ કરીને મરી જતી નહોતી, પણ ...ક્ત રહી વડીલોની કજારજાએ ઘરનું વડીલપણું કરવાને કાયમ રહેતી. સાસરાની આબરૂ વધારતી, તેમાં પોતાની મોટાઇ સમજતી ને પોતાના પુત્રોને પણ સમજાવતી. "હાથી દરબારે ગાજે" એ કહેતીને સિદ્ધ કરી આપતી, પણ હકદાર તરીકે સાસરીયામાં રહેતી. પિયેરીઆમાં લચકો ધાન સારૂ હંમેશની પરાધિનતા વ્હોરી લેતી નહિ. જેથી ભાઇ ભોજાઇઓ સાથે હંમેશનો સ્નેહ રહેતો,

વિધવાના મા બાપો શું કરતા ?

વિધવાના મા બાપો વારંવાર તેના સાસરાના વડીલોને મળતા. તેઓ એક બીજાની સુખાકારી પૂછતા, પણ એક બીજાનું ભુડું બોલતા નહિ, ને છોકરીને તેના વડીલોની આજ્ઞામાં રહેવા સૂચવતાં. ઇશ્વર ભજન કરવા કહેતા. કાલે છોકરા મોટા થઇ આવશે, તારે માથેથી ઘરનો બોજો ઓછો થશે એમ કહી આશ્વાશન આપતા. નિરાધાર હોય તો તેને અ... પાણી વગેરેની મદદ પણ કરતા, ને તેમા પોતાની ફરજ સમજતા તે એ ઇરાદાથી કે હિણકમાઉ જમાઇ શોધ્યો નથી, પણ જમાઇ કાંઇક મૂકી ગયો છે એમ બતાવવાને તત્પ થતા. જેથી મરનારની આબરૂ કાયમ રહેતી; ને તેની પ્રજા ઉઘાડી પડતી નહિ. જેથી આ... લેનો સંબંધ જેવો ને તેવો રહેતો. કદાચ જમાઇ કરજ મુકી ગયો હોય, તો તેના શાહુકારોને ધીરજ આપતા, અને હરેક પ્રયાસે તેમનું દેવું ફિટાડતા, મરનાર પાછળ કાંઇ આપવા સાધન ન હોય તો પોતે હામીદાર થઇ તેના પુત્રો પાસે તે અપાવવાનું વચન આપતા યોગ્ય વયે તેમની પાસે અપાવતા. જેથી ધીરધાર તેવીને તેવીજ રહેતી ને આવ્યો ગયો સુખેથી થતો જેને પરિણામે "બાળા તેના શા દકાળા" એ કહેવત સિદ્ધ થઇ.

મધ્ય કાળમાં પલ્લુ શા માટેનું ગણાયું ?

મધ્ય કાળમાં પલ્લુ એ છોકરા છોકરીને કે છોકરીના બાપને આફતની ઢાલ રૂ' ગણાયું. "શુકનથી શબ્દ આગળા" એ કહેતી મુજબ મારી છોકરી રાંડશે, જમાઇ મરી જશે, છોકરીનું શું થશે, છોકરા છૈયાંનું શું થશે, એવા અપશુકનીઆ વિચારો ઉર્દ્ભવવા લાગ્યા ને થયું પણ તેમજ. વિધવાનું પ્રમાણ વધતું ગયું. પલ્લાની રકમ વધારવી પડી. તે રકમ વ્યાજે મુકવી પડી. વ્યાજે લેનાર આપે ત્યારે લેવી પડી. વ્યાજ વસુલ આવે છોકરીને દાગીના થવા માંડયા ને કેટલીક તો દાગીના ન દેખવે નેન પહેરવે મરણ શરણ પણ થતી. પલ્લું વધવાને, કે વ્યાજે મુકવાને લીધે લોકોને દર્શનીક પૂરાવો મળતો બંધ થયો. જેથી આવી રહ્યા, આમાં ખોટ ગઇ, આમાં ધલાયા, એવો પ્રતિધ્વનિ બીજી બાજુપરથી આપલે કરનારાના મનમાં થવા લાગ્યો. જેને પરિણામે વ્યાજનો દર વધ્યો. જબાનને બદલે લખાણુ ભુસાણુની શરૂઆત થઇ ને વૃત્તિમાં ફેરફાર થવા લાગ્યો છે, લોકોની દાનતમાં કાંઇ ફેરફાર થયો છે, એવું ચોખ્ખુ બોલાવા લાગ્યું,

મધ્ય કા... ...ની વ્યવસ્થા બીજી કઇ હતી ?

પરણાવવા માંડયા. આથી પલ્લુ છોકરાવાળાને કે જમાઇને યોગ્ય વખતે પાછું નો આપ્યું. જેથી પોતાની પુત્રી કે પૌત્રીને પ્રથમની છોકરીના સાસરીયામાં કે તેના નજીક સગામાં વગર પલ્લે આપવાની જરૂર પડી. ત્યાર બાદ કેટલાકોએ એમ ધાર્યું કે આ જેવા ગરીબોના મંડાશે નહિ, ને પરણ્યા વગરના રહી જશે, તેથી તેઓએ પલ્લું લેવું ને આપવું નહિ. એ ઇરાદાથી સાટાં કે ત્રેખડાં શરૂ કર્યાં. આમ સાટાંને લઇને, કે પઇ વધારાને લઇને, આંધળીઆ કરી છોકરીઓ વેચી દેવામાં આવી; કે જેને હાલ કન્યાવિક્રય છે, તેની શરૂઆત થઇ. જેને પરિણામેં જ્યોતિષ ઉપર આધાર ન રાખતાં જડતું જુકું બેસાડવામાં આવ્યું. જેથી વિધવાનું પ્રમાણ વધ્યું પાછળથી વિધવાઓ સમજવા લાગી કે અમારા માબાપજ અમારા હિતશત્રુ છે "દીકરીને ગાય જ્યાં વળાવે ત્યાં જાય" એ કહેતી મુજબ અમારી સ્થીતિ કરી મૂકે છે, જેથી તેઓએ દર દાગીના વગેરે જે કાંઈ હતું તે પોતાના આંગપર રાખવા માંડયું. આ રીતે સ્ત્રીઓ નિષ્ઠુર હૃદયની થવા લાગી, સઘળા પ્રત્યે વહેમની નજરે જોવા લાગી; કે રખેને મારૂં પલ્લુ પેઢી કોઇ ખાઇ જશે. હું રવડી રખડી જઇશ, મારા બચ્ચાં કચ્ચાં ભૂખે મરશે. આ રીતે સ્ત્રીઓ અર્ધાંગના તરીકે ગણાતી બંધ થઇ, પણ અપમાન સહેવા લાયક થઇ પડી, જેથી ધણિધણિઆણી વચ્ચેના કલહની શરૂઆત થઈ. છોકરો બિચારો થોડું ભણેલો, પણ મોટી રકમ પલ્લાની આપી પરણેલો, જેથી તેની પાસે વેપાર રોજગાર કરવાનું સાધન આવી થાકયું. જેથી "નબળો માટી બૈયરપર શૂરો" એ કહેતી મુજબ છોકરીપર મારપીટનો વરસાદ વરસવા લાગ્યો, ને છોકરીની સ્થીતિ દયાજનક થઇ પડી. મારપીટન, સહન નહિ થવાથી પિયરમાં જઇ રહેવાની તેને બુદ્ધિ સુઝી; ને ત્યાં રહી પ્રાગદ્વાવેતરું કરી પોતાનું પેટીયું ભરવા લાગી. આ રીતે મધ્યકાળની સમાપ્તિ થઇ.

ચાલુ કાળમાં પલ્લું શું ગણાવા લાગ્યું ?

ચાલુ કાળમાં પલ્લુ છોકરી રાંડવે ગુજરાનનું સાધન, છોકરાને કેળવણી આપવાનું કે જો છોકરાછોકરીને પરણાવવાનું સાધન ગણાવા લાગ્યું. જેને લીધે પલ્લુ એ વિધવાનો ધણીજ છે, એમ મનાયું; અને પલ્લુંજ માત્ર સ્ત્રીની માલકીનું છે એમ ગણાયું; અને સ્ત્રીઓએ ખાવિંદની તમામ માલમિલ્કત પરથી હાથ ઉઠાવ્યો હોય, એમ પલ્લાપર હક્ક કરતી થઇ.

ચાલુ કાળમાં પલ્લાની શી વ્યવસ્થા થઇ ?

ચાલુ કાળમાં સ્ત્રીઓ વ્યાજના લોભે કરી એક તોલા સોનામાં સર્જ થવા લાગી, ને બાકીનું પલ્લુ જોડાના નામથી કે અધઅધ જાગે છોકરા છોકરીઓના વાલીઓના નામથી બીજે ઠેકાણે જમે થયુ. કેટલાકે તો શેરીઆ ખરીદા. કેટલાકે પ્રેસીડેન્સી બેંકમાં મૂકયા ને કેટલાકે તો સહી સલામતીને ખાતર સોનમાં રોકયા.

ચાલુ કાળમાં દાગીના કેમ ઓછા થયા !

ચાલુ કાળમાં પ્રત્યેક મોટી વસ્તીવાળા ગામોમાં કન્યાશાળાઓ સ્થપાવા લાગી. જેમાં સ્ત્રીઓને કેળવણી મળતી થઇ. જેથી તેઓ કેળવાઇને શરીરનો શણગાર લુગડાંપરજ છે, એમ સમજી તેમની પ્રીતિ દિવસે દિવસે લુગડાંપરજ વધતી ગઇ, ને દાગીના ભયમાં કે દુઃખમાં નાંખનારા છે, એમ જણાયું. કેટલીક તો છડેચોક એમ પણ બોલવા માંડી કે "એવી ખોટી શોભાની જરૂર હોત તો ઇશ્વર દાગીના સાથે જન્મ કેમ ન આપત"? શું તેને ત્યાં તેની ખોટ હતી ?

ન બીજી જ્ઞાતિઓમાંથી દાગીના કાઢો સાહુ બીનં કેળવાયલા

ચાલુ કાળમાં સ્ત્રી ધને શું ખરાબી કરી ?

ચાલુ સમયમાં સ્ત્રી ધને એટલી ખરાબી કરી કે જેથી કેળવણી વગોવાવા લાગી કારણ કે કેટલાક શ્રીમંતો પોતાની છોકરી કેળવાયલી હોવાથી વાસણ પાણી નહિ કરે, સંધવા સિંધ નું કામ નહિ કરે, એવી શરતથી છોકરાવાળા પાસે અમુક રકમ મૂકાવી તેના વ્યાજમાંથી બાહ્મણ ચાકર રાખી આપવાની શરૂઆત કરી. આથી સ્ત્રીઓ પોતાનો નવરાસનો વખત સ્ત્રી ધન ઉપર પોતાનો દોર ચલાવવામાં રોકવા લાગી. ને તેનો વહિવટ પણ પોતેજ કરવા લાગી. ને પોતાના નામથી મૂકવા ઉપાડવાનું કામ પણ કરવા લાગી. તેથી ધણિની આપત્તિના સમયમાં કે ધણિના પંડની માંદગીના સમયમાં પલ્લાનો ઉપયોગ થતો બંધ પડયો, કેટલીકવાર ધણિઆણી ગુજરી જવે પોતા પાછળ પોતાના પુત્ર પુત્રીને તે રકમ મળવા ગોઠવણ કરવા લાગી. જેથી મરદને બીજી સ્ત્રી કરવાના વાખા પડયા આથી કેટલાક વિચારવાન પુરુષોએ પલ્લાં ઉપરાંત એક પૈસાનો પણ દાગીનો કરવો બધ પાડયો. કેટલાકે તો પોતાની હૈયાત જાએ પોતાની તમ પુંજીને માટે ટ્રસ્ટીઓ નીમ્યા ને તેની મારફતે પોતાનો ઘરનો કારભાર કરાવ્યો. ને સ્ત્રી સ્ત્રીને હવાલે કર્યું. તેની સાથે વીલમાં એવી પણ ગોઠવણ કરી કે વિધવા બાઇ મારા ઘર રહે ને મારા કુટુંબની આબરૂ જાળવે તો મારા કુટુંબની ખાનદાની પ્રમાણે તેને ખાવા ગોઠવણ કરી આપવી, ને જો મારૂં ઘર તજી પિયરમાં જઇ ભરાય તો એક પાઇ સરખ આપવી નહિ. કેટલીક બાઇઓએ તો ટ્રસ્ટીઓને કંટાળો આપવા સારૂ ગાળિપ્રદાન માંડયું. કેટલીકે તો ટ્રસ્ટીઓ ઉપર ખોટાં આળ પણ મૂકયા આથી કંટાળી કેટલાક ટ્રસ્ટીએ રાજીનામાં આપી કારભાર કરવો નકી દીધો ને તમામ મિલ્કત તે વિધવાને સોંપી દ કેટલાક ટ્રસ્ટીઓએ આવી રીતે ન કરતાં વિધવાને સમૂળગી રકમ આપવી બંધ કરી. જે વિધવાને ન્યાયની કોર્ટે ચઢવું પડયું. જ્યાં ટ્રસ્ટીઓએ જામીન લેવડાવી મિલ્કત બાઇને રત કરી કે, કોર્ટને તેનો વહિવટ કરવા સોંપ્યુ. જેથી બાઇને વ્યાજની આવકજ મળવા લા

સ્ત્રી ધનને લીધે જનમંડળપર શી માઠી અસર થઇ ?

કેળવણીના મદમાં કહો કે નાદાનીના મદમા કહો; પણ હરેક પ્રકારે પોતાના ધ સ્ત્રીઓ રંજાડવા લાગી. આથી બીન કેળવાયલી સ્ત્રીઓ દોષ મૂકવા લાગી. તેઓ બિચ એમ નથી સમજતી કે "અધુરો ઘડો છલકાય છે. તેમ અધુરૂ ભણતર કે સમજ્યા વગર ભણતર, આવા બવાડા કરે છે. ધણિ માંદો પડતાં તેની સારવાર કરવાને બદલે એવું ઇચ્છ છે કે "મારૂં કાંઇ કરોને" "મારૂં કાંઇ કરોને" એમ કહી મરવાનું તાકે છે આથી બિચા દરદી નિસાસો મૂકી મનમાં કહે છે કે હું એને આપીશ તોજ મારી ચાકરી કરશે, મને દ દારૂ આપશે, મારી ખાવા પીવાની સગવડ સાચવશે. કારણ કે એ બાઇ પૈસાનીજ સગી છે એ મારી અર્ધાંગના નથી, પણ અભાગણી છે. એમ વિચારી "બાળોઝીકો" કરી દરદી તે સર્વસ્વ સોંપી દે છે. કેટલીક વખતે ધણિના મા બાપ જીવતાં હોય છે તો તેને બિમાર ધ કહે છે કે" "મારા મોંઢા આગળથી એને કાઢો. મારે એનો ઓળો પણ જોવો નથી. જો મરી જાઉં તો પણ મારા શબને એનો ઓળો દેખાડશો નહિ. એ તો સર્વસ્વ પોતા સ્વાધિનમાં લેવા ? ને ઘરડાને તાબેદાર બનાવવા માગે છે. "

આઇને ત્યારે મ

હાલના સમયમાં પલ્લુ પુરતું છે ?

હાલના વખતમાં જેમ જેમ ઓઢવા પહેરવામાં ફેશન સમજવામાં આવે છે, તે ખાવા પીવામાં પણ એક જાતની મોટાઇ વધવા લાગી છે. જેને લઇને ઓછા ખર્ચે ચાલતું નથી. નિદાન પ્રત્યેક વિધવાને રૂ. ૧૫) નો માસિક ખર્ચ હોય છે. જેને પુ વળવાને વાર્ષિક રૂ. ૧૮૦) ની પ્રાપ્તિ કરવા માટે પાંચ ટકાની વેર લોન લેતાં રૂ ૩૬૦ ની મૂડી જોઇએ. જેથી રૂ. ૩૬૦૦) નું પલ્લું ઠરાવવું જોઇએ. જો એટલું પલ્લું ન ઠરાવી. એ તો ઓછી આવકને લીધે બાઇને બીજા ઘરોએ જઇ ભીખ માગવી પડે, જ્ઞાતિ ફંડની મદદ મેળવવી પડે, ધર્માદા અનાજ મેળવવું પડે, કે બીજાને ઘેર પેટ ખાતર ચાકરી પણ કરવી પડે, માટે કયાં તો પલ્લુ પૂરતું ઠરાવવું કે કયાં તો પુનર્લગ્ન કરવાની રજા આપવી, ‘યાં તો સાસરામાં રહી વડિલોની આજ્ઞા પાળી જીવન ગાળે એમ ઠરાવવું. કયાં તો જ્ઞાતિ મોચ્છવો બંધ કરી વિધવાઓને માસિક મદદ આપવી; કે કયાં તો પૂજીની વારસદાર છોકરીને રાવવી.

કેટલીક જ્ઞાતિઓમાં પલ્લુ નજીવું છે, છતાં તે જ્ઞાતિની વિધવાની શી વલે થતી હશે ?

જે જે જ્ઞાતિઓમાં નામનું કે નજીવું પલ્લું છે, તે તે જ્ઞાતિઓએ વિવાહની એંધા- એ રકમ ઠેરવી છે. એમ સિદ્ધ કરી આપ્યું છે. કંઇ ઘર ધણિઆણી માંથી દૂર રાખ- ા ઇરાદાથી ઠરાવ્યું નથી. તેમ એ રાંડશે, એ ઇરાદાથી પણ ઠરાવ્યું નથી. તેમ પિયરમાં ઃ ભાભીપર રોપ મારે, કે તેને મેણાં ટોણાં મારે ને ભાઇનો સુકો રોટલો ખાય એ ઇરા- ાો પણ રાખ્યું નથી. માટે જે જે જ્ઞાતિઓમાં નજીવું કે નમાલું પલ્લું છે તે જ્ઞાતિઓ મેચ્છાવાળી, વડિલોનું માન જાળવનારી, ઉદ્યોગી, સુલેહસંપથી હળીમળી કામ લેનારી, ઘરધણીનું ડત વિચારનારી છે. એમ વિના સંકોચે મારે કહેવું પડે છે. કારણ કે જો એમજ હતે, ા તે તે જ્ઞાતિઓને પોતાનું પલ્લુ વધારવાની ફરજ પડયા વગર રહેતજ નહિ.

નામનું કે નજીવું કે વિવાહની એ ધાણી રૂપ પલ્લુ શા માટે રાખ્યું ?

પરાપૂર્વ ચાલતા આવતા નિયમાનુસાર સૌભાગ્યવંતીનો શણગાર રૂપ ગણાતુ ઘરેણું કે જે ાાભાગ્યવંતી સ્ત્રીઓ રાત દિવસ પોતાના આંગપરજ રાખતી તેનીજ તેઓને આવશ્યકતા જણાઇ. તેઓ શ્રદ્ધાળુ હોવાથી લક્ષ્મી એ સ્ત્રીના કદમની છે, એમ ગણી છોક- ીના પારબ્ધમાં હશે તો વધુ ઘરેણાં પહેરશે. તેનો ધણિ કે તેનો બાપ ઘડાવશે એમ ગણી છોકરીના પ્રારબ્ધપર છોડયું જેને લીધે હોંસના દાગીના થયા. ધણિની કે સસરાની આબરૂ જનમંડળમાં વધી, છોકરીના માબાપો એટલુંજ સમજતા હતા કે એ પરાયું ધન છે માટે પરાયે ઘેર જશે, ને ત્યાંજ જિંદગી ગાળશે. મારે તો માત્ર મોટી કરવાની કે તેને પરણાવાની ફરજ હતી, તે ફરજ બજાવી. હવે જિંદગીને માટે તેમાંથી મુક્ત થયો છું. આવા વિચારથી રી સાસરીયામાં રહી, સુખેદુઃખે પોતાની ફરજ સમજી, બેચાર સારી મીઠી વાતો સાંભળી, મરે ઘરધણીઆણી પણ થઇ.

જાવા કે વિવાહની એ ધાણી રૂપ પ૦ ાયદો થયો? એથી

હાલના સમયમાં વિધવાશ્રમની

(૧) પલ્લુ ઓછી આવકવાળુ હોવાથી. (૨
વહુના વાલીની ગરીબાઇથી. (૪) છોકરી કે વહુ
ત્તાને ચાહતી હોવાથી. (૬) ગ્રહકાર્ય ન થઇ શકવ
વાલીઓ સંયમ નં પાળી શકયાથી (૮) વાલી

વિધવાશ્રમો તદ્દન જાહેર ફંડથી

આ આશ્રમોના અધિષ્ઠાતાઓએ કયાં તો આશ્ર
અથવા વિધવાઓ પાસે અમુક માસિક ફી લઇ, ખરચું ઉ
આ ઉપરાંત દરેક વિધવા પાસે દાખલ થતી વખત ફારમ
વાના સાસરીઆ પીએરીઆની શાખો લેવી. છેવટે કોઇ
આગળ સોગન નામું લેવડાવી તેની શાખ લેવી. કે
સંસ્થા થાય.

પલ્લુ ઓછું કરવામાં આવે તો પરણનારે નિ

દેહ ક્ષણભંગુર સમજી, કર અટકી પડે સાધન રૂપ સમજી, ઓછ.
હજારનો વીમો અમુક વર્ષે મળે એવો ઉતરાવવો ને તેમાં ધણીઆણીની સહાનુભુતિ મેળવવી
જેથી વગર આયકે નિયમિત રીતે ભરી શકાય.

પલ્લુ વધવાથી પુરૂષ વર્ગમાં શું નુકશાન થયું ?

પ્રત્યેક જ્ઞાતિમાં શ્રીમંત વર્ગ ઝાઝો હોતો નથી. પણ ગરીબ વર્ગ કે મધ્યમ વ ઘણો જોવામાં આવે છે. ગરીબોએ ગરીબાઇને લઇને વિચાર્યું કે મારા છોકરાને કન્યા મળવાની નથી. કારણ પલ્લુને લગ્ન ખર્ચ એ બન્નેની મારી પાસે સવડ નથી, છોકરા છૈયાં રોટલાં ખવાડું કે લુગડાં લત્તાં કરૂં? કે પરણાવું? આમ વિચાર કરી ગરીબોએ મોટા થયે રળી પરણશે, એમ ભવિષ્યપર છોડયું. જેથી છોકરા બે દરકાર એ આબરૂવાળા ને ધંધા રોજગારમ બેદરકાર રહેવા લાગ્યા. કેટલાક તો કમાઇ જેટલો ખર્ચ રાખવા લાગ્યા. કેટલાક તો ઘરડા-વરડાંની પાંચ પચાસની પુંજીપર તાગડાધન્ના કરવા લાગ્યા કેટલાકે બૈરી ન મળવાને લીધે નીચ કામ સાથે જારકર્મ કરવા માંડયુ, કેટલાકે સ્વચ્છંદી પણે નિરંકુશ રહેવા. ચાહ્યું. કેટલાકે તો માબાપની પરવા ન કરતા કુતરા બિલાડા માફક પેટ ભરવા માંડયું, કેટલાકે પરધર્મ બૈરીની લાલચે અખત્યાર કર્યો, આ રીતે છેવટે અધમના પાસ થતાં ધર્મ પરથી શ્રદ્ધા ઉઠી, ઉચ્ચ છતાં નીચનાં લક્ષણો તેનામા આવવા લાગ્યાં, આ રીતે જ્ઞાતિની અવનતિ થઇ ચાલી.

માટે પલ્લું એ એવી અગત્યની બાબત છે કે જેને માટે પ્રત્યેક જ્ઞાતિના શેઠીયા પટેલીયાઓએ આજુબાજુના સંજોગનો, ગરીબોની ગરીબાઇનો, ખુલ્લાં દીલથી વિચાર કરવો ઘટે છે.
